# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# સત્સંગ : સંતસંગનો સંગ - ભવભ્રમણનો અંત

## ■ જ્ઞાની પ્રભાવ ■

૧. જેને જ્ઞાનભાવ વર્તે, તે જીવ દેહભાવ લાવે ક્યાંથી ?
૨. જેને સબંધોનું બંધન નથી, તે કયા સબંધોનું બંધન તોડે?
૩. જેને સાધનાનાં સાધનો જ સાધનામય બની ગયા તો સાધના કરે શેનાથી ?
૪. જેની ભક્તિમાં ભગવાન પ્રગટે તે કોની ભક્તિ કરે ?
૫. જેને જગત શમશાન સ્વરૂપે ભાસે તો તે કયા ક્ષેત્રમાં જઈને વસે?
૬. જેને અજ્ઞાન નથી તો જ્ઞાન શેનું લે ?
૭. જેને ત્યાગની ઈચ્છા નથી, તેમજ ગ્રહણ કરવાની ઈચ્છા નથી, તો ત્યાગ-ગ્રહણ શેનો કરે ?
૮. જેની પાસે લેવા કે દેવા માટે કશું નથી, તે શેનો સંકલ્પ-વિકલ્પ કરે ? (જ્ઞાન સ્વભાવ છે, જ્ઞાનનો ગુણ સ્વપ્રકાશીત-પરપ્રકાશીત)
૯. જેને સંકલ્પ-વિકલ્પ નથી તે શેનાં વિચાર કરે ?
૧૦.જેનો સ્વભાવ વિસ્મરણ થયો તે શેનું સ્મરણ કે વિચાર કરે? (અનાદીકાળનો દેહ સ્વભાવ તે વિભાવ થયો અને આત્મ સ્વભાવ જે વિભાવ હતો તે સ્વભાવ થયો)

''શાસ્ત્રસાર''

ધર્મને ધારણ કરેલા, આત્મજ્ઞાનને આત્મામાંથી પ્રગટાવેલા એવા આત્મજ્ઞાની સદ્‌ગુરૂનાં શરણે જઈને આત્મધર્મ જાણ, આત્મલક્ષી બન અને અલ્પ ભવોમાં મોક્ષાર્થીપણું પ્રાપ્ત કરીને આત્મકલ્યાણ કર.

શ્રી પરમાત્માનો પરોક્ષ ઉપકાર અને સદ્‌ગુરૂનો પ્રત્યક્ષ યોગ સાધીને આત્માર્થીપણું પ્રાપ્ત કરવું એજ એકમાત્ર મુક્તિનો ઉપાય અને માર્ગ છે. માટે બાળજીવે આ ભવે, આવતા ભવે કે અનંતા ભવે, આ ક્ષેત્રથી કે અન્ય ક્ષેત્રથી આજ માર્ગ ગ્રહણ કરવાનો છે.

## જૈનો જાગો

રમેશ વેજાણી

લેખાંક : ૪૫

આપણે આગળનાં લેખાંકમાં (અને આગળનાં લેખાંકોમાં પણ) ૬ઠ્ઠા અને ૭માં ગુણસ્થાનકવાળા જ્ઞાની મહાપુરૂષોની વિચારણા કરી અને હવે વિશેષ વિચારણા કરીએ. જ્ઞાની મહાપુરૂષો આગળનાં ભવોમાં સમકિત પામીને પછી ક્રમીકપણે કષાયો અને દોષ વૃતિઓનો ક્ષય કરવાનો પુરૂષાર્થ કરતા કરતા જ્યારે જ્ઞાની સ્વરૂપે જન્મવાનાં હોય

### * સત્સંગ *

૧. અજ્ઞાની ભાગે ભોગથી દુર (રોગનાં ભયથી).
જ્ઞાની ભાગે ભોગથી દુર (ભવરોગનાં ભયથી).
૨. ભાન ભુલીને બેભાન બનવું તેનું નામ અજ્ઞાન.
ભાન ભુલીને ''ભાવ''માં રખાવે તેનું નામ સત્સંગ.
૩. ભુલ કરીને ભ્રમિત થવું તેનું નામ અજ્ઞાન.
ભુલ કરીને વ્યથિત કરાવે તેનું નામ સત્સંગ.
૪. ભવભ્રમણમાં ભમવું તેનું નામ અજ્ઞાન.
ભવભ્રમણની ભ્રમણા તોડાવે તેનું નામ સત્સંગ.
૫. ત્યાગનાં ત્યાગમાં રાગ રાખવો તેનું નામ અજ્ઞાન.
ત્યાગનાં ત્યાગને વૈરાગી બનાવી દે તેનું નામ સત્સંગ.
૬. દ્વેષમાં દુર્ભાવ કરવો તેનું નામ અજ્ઞાન.
દ્વેષમાં સમભાવ રખાવે તેનું નામ સત્સંગ.
૭. પંચેન્દ્રિયોનાં જીવોનો આત્મઘાતી બનાવે તેનું નામ અજ્ઞાન.
પંચેન્દ્રિયોનાં જીવોનાં આત્મોલ્લાસી બનાવડાવે તેનું નામ સત્સંગ.
૮. પરનિંદા કરવી તેનું નામ અજ્ઞાન.
સ્વનિંદક બનાવડાવે તેનું નામ સત્સંગ.
૯. ક્ષમા લેવા જેવું વારંવાર કરવું તેનું નામ અજ્ઞાન.
ક્ષમા લેવા જેવું ન કરવું તેવા ઉપયોગમાં રહેતા કરાવે તેનું નામ સત્સંગ.

છે, ત્યારે લગભગ બધા જ પ્રકારનાં કષાયોનો ક્ષય કરેલો હોય છે અને પછી થોડો પુરૂષાર્થ (જન્મે ત્યારે તે દેશ-કાળને અનુરૂપ) કરે છે અને તે વખતનાં સાધનો અને ઉપયોગની રીત લક્ષમાં ધારણ કરે છે અને જીવન કર્મને આધીન જીવતાં હોય છે. અહિંયા આગળ જ્ઞાની મહાપુરૂષો સાધનાની પૂર્ણતા કરવાનો પુરૂષાર્થ કરતા હોય છે (આત્મ સાક્ષાત્કાર કરવાનો) તે પૂર્ણ થવાથી તેમની સાધના પૂર્ણ થાય છે.

ત્રીજા અને ચોથા આરામાં કેવળજ્ઞાન અને પાંચમાં આરામાં આત્મસાક્ષાત્કાર પ્રગટવાને કોઈપણ અવસ્થા બાધક નથી જેમ કે કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ સમયે, કોઈપણ વયે અને કોઈપણ વેશમાં (સાધુપણામાં કે સંસારીપણામાં) આત્મસાક્ષાત્કાર પ્રગટી શકે છે. સાધુપણામાં સરળતા રહે, સંસારીપણામાં ઉગ્ર પુરૂષાર્થ કરવો પડે છે. જ્યારે આત્મસાક્ષાત્કાર થાય ત્યારે જીવને અશુભનો આરંભ અને પરીગ્રહનો ક્ષય થાય છે અને જીવ આત્મસાક્ષાત્કાર પછી ૭માં ગુણસ્થાનકે જાય તો એક અવતારીપણું પ્રાપ્ત કરે છે અને ત્યાં શુભનો પણ આરંભ અને પરીગ્રહ (ઈચ્છાશક્તિથી) ક્ષય થાય છે (આવતા

**સદ્‌ગુરૂમાં શ્રધ્ધાનાં ભાવ જાગે,**
**તો**
**પુરૂષાર્થનો ભાર લાગે નહીં,**
**''પણ''**
**શ્રધ્ધાનો ભાર લાગે,**
**તો પુરૂષાર્થનો ભાવ જાગે નહીં.**

છેલ્લા ભવનું પૂર્ણ કર્મ બાંધીને). આવા પ્રકારે જ્ઞાની મહાપુરૂષો ૬ઠ્ઠા અને ૭માં ગુણસ્થાનકમાં થાય છે. અને આત્મા મુક્તદશા પામ્યા હોવાથી (આવરણ રહીત), તેથી આત્મામાંથી આત્મજ્ઞાન પ્રકાશીત થાય છે અને તેઓની વાણી, આત્મવાણી કહેવાય છે કે જે વાણીમાંથી આત્માનું જ્ઞાન, આત્મા માટેનું જ્ઞાન અને આત્માની મુક્તદશા કરવાનું જ્ઞાન પ્રકાશીત થાય છે, જેને આત્મજ્ઞાન કે આત્મધર્મ કે સિધ્ધાંતબોધ કે નિશ્ચયબોધ કે ગીતાર્થ જ્ઞાન કે બ્રહ્મજ્ઞાન જે નામ આપવું હોય તે આપી શકાય છે. જેમ સર્વ કેવળી ભગવંતોનું જ્ઞાન સરખું તેવી જ રીતે સર્વ આત્માનુંભવી જ્ઞાની મહાપુરૂષોનું જ્ઞાન સરખું જ હોય છે જે બીજા બાળજીવોને મુક્ત કરાવી શકે (સમકિત પ્રાપ્ત

**''જ્યાં કષાયો છે, ત્યાં ધર્મ નથી,**
**જ્યાં ધર્મ છે, ત્યાં આત્મીક ગુણો છે.''**

કરાવી શકે) અને પૂર્ણ મોક્ષમાર્ગ બુધ્ધિગમ્ય અને અનુભવગમ્ય આપી શકે છે માટે જ તેવા જ્ઞાની મહાપુરૂષોને પાંચમાં આરાનાં (કળિયુગમાં) ભગવંત સ્વરૂપ ગણ્યા છે અને તેઓ જીવંત શાસ્ત્રો ગણાય અને તેઓ શાસ્ત્રોનો સાર લોકભાષામાં બાળજીવો સમજી શકે અને આરાધી શકે તેવા સ્વરૂપે આપે છે. તેઓ જે સ્થળે બાળજીવોને (અજ્ઞાની જીવોને) બોધ આપે તેને ધર્મસભા કે સત્સંગસભા કહેવાય છે અને આવા આત્માનુભવી, છત્રીસ ગુણોથી યુક્ત અને ધર્મનાં ધારક અને અનેક લબ્ધીયુક્ત હોવાથી ધર્મસભા કે સત્સંગસભામાં બાળજીવોને અનેક પ્રકારનાં દોષોનું નિવારણ અલ્પ પુરૂષાર્થ થકી બળવાન પરિણામ

### * સત્સંગનું ફળ *

**માન, અહંકાર, અભિમાન છોડીને, નમ્રતા ધારણ કરીને, આદરભાવે, જિજ્ઞાસાવૃતિથી બાળજીવ ''સત્સંગસભા''માં બેસે ત્યારે દેહની પીડા, સંસારની ઉપાધી, ભવિષ્યની ચિંતા, આહાર સંજ્ઞા, નિદ્રા સંજ્ઞા, વિકારભાવ, વિચારોની ચંચળતા, દ્રષ્ટિની અસ્થિરતા અને દેહની વ્યાકુળતા શાંત પામે છે.**

**''અને''**

**સંસારીક ફળ સ્વરૂપે શ્રધ્ધા સહિત, સમર્પણ ભાવે, બાળજીવની ઈચ્છાપૂર્તિનાં યોગ બને છે અને જ્ઞાનીનાં વચનમાં શ્રધ્ધા અને નામનું યોગબળ હૃદયમાં સ્થાપે તો બાળજીવનાં જીવનમાંથી આધી-વ્યાધી અને ઉપાધીનો નાશ થાય અને સુખ-શાંતિ અને સમૃધ્ધિનો વાસ થાય છે. જ્ઞાનીનાં વચનબળ અને નામ સ્મરણમાં પૂર્ણ જ્ઞાનયોગ હોવાથી વચનસિધ્ધી હોય છે અને જ્ઞાનીનાં વચનથી વધારે શ્રેષ્ઠ વચન અન્ય કોઈનું ન હોવાથી (જ્ઞાનીથી આગળ શ્રી પરમાત્માનું વચન હોય છે, પણ તેઓ સદેહે હોતા નથી માટે) જ્ઞાનીનાં વચન અને નામની સ્થિરતા એ બાળજીવનાં આત્મકલ્યાણ અને સંસારની શાંતીનું મુખ્ય સાધન અને કારણ ગણાય.**

પ્રાપ્ત કરાવે છે. ધર્મસભા કે સત્સંગસભામાં જ્ઞાની મહાપુરૂષોની વાણી આત્મામાંથી પ્રગટેલી હોવાથી જ્ઞાનલબ્ધી પ્રગટે છે. પૂર્ણ બુધ્ધિ નિર્મળ હોવાથી અને સત્ય પ્રગટ કરતા હોવાથી વચન સિધ્ધી હોય છે અને આત્મા મુક્ત દશા પામેલ હોવાથી યોગબળ બળવાન હોય છે. તેથી આત્માનુભવી જ્ઞાની **મહાપુરૂષોની વાણીમાં જ્ઞાનબળ, વિચારબળ અને યોગબળ હોવાથી અપૂર્વવાણી કહેવાય છે અને તે વાણીનું વિસ્મરણ ન થાય તેવી અમૃતવાણી હોય છે** અને જે બાળજીવોને તેવી

અનુસંધાન સામે પાના નં ૧૫ પર →

અનુસંધાન ...
સામેનાં પાના નં ૧૪થી ચાલું

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## સત્સંગ : સંતસંગનો સંગ - ભવભ્રમણનો અંત

**જ્યાં માન અને મમત્વ છે,
તે અનંત ભવભ્રમણનું કારણ છે.
''અને''
જ્યાં માન અને મમત્વ નથી,
ત્યાં ભવભ્રમણનું મરણ છે.**

અમૃતવાણીનો યોગ થાય છે તે બાળજીવો બહુજ થોડા પુરૂષાર્થ થકી અલ્પ ભવોમાં મોક્ષાર્થી બને છે. જેને ધર્મસભા કે સત્સંગસભા કહેવાય છે તેમાં સર્વ પ્રકારનાં જીવો હોય (જૈન અને જૈનેતર) તેથી તેમાં પરંપરાની રીતોનો (વ્રતોનો) આદર હોય છે પણ આગ્રહ હોતો નથી (વ્રત સાધન છે, સાધ્ય નથી). જ્ઞાની મહાપુરૂષોને ઘણા પ્રકારની લબ્ધી હોય છે, તેનો લાભ બાળજીવોને મળે છે. જેમ કે ગ્રહોની અસરથી મુક્તિ, કાળ અને ક્ષેત્રનાં પ્રભાવથી મુક્તિ અને સત્સંગસભાનાં બાળજીવોને તંત્ર-મંત્રની અસરથી મુક્તિ. આવા અનેક પ્રકારનાં બાળજીવોને યોગ થાય છે. તેથી બાળજીવો મોક્ષમાર્ગમાં સરળતાથી અને સહજતાથી ચાલી શકે છે માટે બાળજીવોએ જ્યારે જ્ઞાની મહાપુરૂષોનો યોગ થાય ત્યારે પહેલા તેમને જાણી લેવા, ઓળખી લેવા અને તેનું નજીકથી નિર્મળબુધ્ધિએ અને સત્યની ઝુરણાંથી અવલોકન કરી લેવું જોઈએ (તેઓ જે કહે છે તેવું પોતે કરે છે અને કરી શકે છે તે તેનું પ્રગટ અને પ્રમુખ લક્ષણ ગણાય છે. જ્ઞાની મહાપુરૂષો તો સરળતાથી કરી શકતાં હોય છે) અને જ્યારે એમ લાગે કે આ મહાપુરૂષ ખરેખર આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષ છે, તો તેમાં સંપૂર્ણ શ્રધ્ધા કરવી. (કુળપરંપરા કે લોકઅભિપ્રાય વચ્ચે ન લાવવો, તે એક ભવ પુરતું છે, જ્યારે આત્માનું જ્ઞાન ભવોભવ સાથે રહે અને ભવમુક્તિ કરાવે છે) અને તેમણે કહેલો અને કરાવે તેને ધર્મ જાણીને તે ધર્મ આરાધવો. તે જ્ઞાની મહાપુરૂષોનો આપેલો ધર્મ બાર દોષોનો ક્ષય થાય તેવો જ હોય છે. માટે તેમાં અશ્રધ્ધા ન કરવી. અશ્રધ્ધા એ જ્ઞાનની અને જ્ઞાનીની વિરાધનાં ગણાય.

## ■ આત્મસાર ■

**૧. જ્ઞાની પુરૂષોએ વાણીનાં મૌનને મૌન નથી કહ્યું , ''પણ'' વિચારનાં મૌનને (બંધને) મૌન કહ્યું છે.**

**૨. જ્ઞાની પુરૂષોએ બંધ દ્રષ્ટિને ધ્યાન નથી કહ્યું, ''પણ'' દ્રષ્ટિની સ્થિરતાને ધ્યાન કહ્યું છે.**

**૩. જ્ઞાની પુરૂષોએ દેહને નમાવવાને 'નમન' નથી કહ્યું, ''પણ'' મનને નમાવવાને નમન કહ્યું છે.**

**૪. જ્ઞાની પુરૂષોએ પાંચ ઇન્દ્રિયોનાં વિષય ત્યાગને ત્યાગ નથી કહ્યો,''પણ'' તેનાં વિકારભાવનાં ત્યાગને ત્યાગ કહ્યો છે.**

**૫. જ્ઞાની પુરૂષોએ ઉપદેશબોધને મોક્ષમાર્ગ નથી કહ્યો, ''પણ'' સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ)ને મોક્ષમાર્ગ કહ્યો છે.**

**૬. જ્ઞાની પુરૂષોએ શુભ કાર્યોને શુધ્ધ ભાવ નથી કહ્યો, ''પણ'' આત્મભાવને શુધ્ધ ભાવ કહ્યો છે.**

**૭. જ્ઞાની પુરૂષોએ 'અજ્ઞાન'માં કરેલા વ્રત, તપ, જપ, ત્યાગને ધર્મ નથી કહ્યો, ''પણ'' 'અજ્ઞાન' ટાળીને કરેલા ધર્મને 'ધર્મ' કહ્યો છે.**

**૮. જ્ઞાની પુરૂષોએ ''ધર્મભીરૂ''ને ધર્મીષ્ઠ નથી કહ્યાં, ''પણ'' ''પાપભીરૂ''ને ધર્મીષ્ઠ કહ્યાં છે.**

**૯. જ્ઞાની પુરૂષોએ ''ભય સહિત''નાં ધર્મને ધર્મ નથી કહ્યો, ''પણ'' '૭ ભયરહિતનાં' ધર્મને 'ધર્મ' કહ્યો છે.**

**૧૦.જ્ઞાની પુરૂષોએ ધર્મનાં કાર્યોને સમકિત નથી કહ્યું , ''પણ'' 'ભવ-કાળ-મર્યાદા'ને સમકિત કહ્યું છે.**

Website : www.jainojago.com

## ■ સંસારનું સદેહે મરણ ■

**૧. સંસાર અનિવાર્ય છે .................. સંસારભાવ અનિવાર્ય નથી.**
**૨. દેહ અનિવાર્ય છે ...................... દેહભાવ અનિવાર્ય નથી.**
**૩. આહાર અનિવાર્ય છે ................. રસેન્દ્રિયભાવ અનિવાર્ય નથી.**
**૪. પદાર્થો અનિવાર્ય છે.................... તેમાં આસક્તિભાવ અનિવાર્ય નથી.**
**૫. સબંધો અનિવાર્ય છે ................. સબંધોમાં મમત્વભાવ અનિવાર્ય નથી.**
**૬. વ્યવહાર અને વ્યાપાર અનિવાર્ય છે ... અપ્રમાણિકતા અનિવાર્ય નથી.**
**૭. સંસારમાં કર્મબંધ અનિવાર્ય છે ......... પણ બળવાન કર્મો અનિવાર્ય નથી.**
**૮. સંસારમાં બુધ્ધિ અનિવાર્ય છે........... પણ કપટબુધ્ધિ અનિવાર્ય નથી.**
**૯. સંસારમાં સંગ અનિવાર્ય છે............. પણ કુસંગ અનિવાર્ય નથી.**
**૧૦. સંસારમાં અર્થ અનિવાર્ય છે ........... પણ બળવાન અર્થ અનિવાર્ય નથી.**
**૧૧. સંસારમાં નિરોગી શરીર અનિવાર્ય છે.. પણ શરીર શક્તિ અનિવાર્ય નથી.**
**૧૨. સંસારમાં સુક્ષ્મ હિંસા અનિવાર્ય છે..... પણ હિંસકભાવ અનિવાર્ય નથી.**
**૧૩. સંસારમાં મતમતાંતર અનિવાર્ય છે...... પણ દ્વેષભાવ અનિવાર્ય નથી.**
**૧૪. દેહ છે તો માંદગી અનિવાર્ય છે ......... પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અનિવાર્ય નથી.**
**૧૫. શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ અનિવાર્ય છે. ''પણ'' તેમાં જડતા – મુઢ્તા કે ધર્માંધતા અનિવાર્ય નથી.**

**ભવભ્રમણમાં ભમતા–ભમતા,
ભવભ્રમણની ભુલને ભુલીને,
ભાગ્યનાં ભાગ્યને ભાગ્યથી ભાંગીને,
ભ્રમિતભાવે ભગવાનને ભજતા–ભજતા,
ભાનનાં ભાનનું ભાન ભુલીને,
ભવભ્રમણને ભવભ્રમણથી
ભવભ્રમણમાં ભમાડ્યું. (ભીડવ્યું)**

બાળજીવને આવા આત્માનુભવી જ્ઞાની મહાપુરૂષનો યોગ થાય તો બાળજીવે જ્ઞાની મહાપુરૂષની અમૃતવાણીને આરાધવા માટે મુખ્ય સમજણ એવી કેળવવી જોઈએ કે જેમાં જ્ઞાની મહાપુરૂષનો સત્સંગ સતત મળતો રહે. તે સમજવા માટે સત્યની ઝુરણાંની વૃતિ, જ્ઞાનીની વાણીને સ્વિકારવા માટે બુધ્ધિની નિર્મળતા, શ્રધ્ધાનું બળ, નમ્રતાનો ગુણ, ભક્તિનો ભાવ અને દ્રષ્ટિની સ્થિરતા, આ બાળજીવને માટે અતિઆવશ્યક ગણાય અને પછી બાળજીવે સમકિત અને મુક્તિ માગવી ન પડે પણ જ્ઞાની મુક્તિ કરાવવા બંધાય છે. (જ્ઞાની મહાપુરૂષો સાધકોને શિષ્ય ગણતા નથી પણ સાધકો જ્ઞાની પુરૂષોને સદ્‌ગુરૂ-સંત ગણતાં હોય છે.)

જે સાદુ, સરળ અને પૂર્ણ વૈરાગી જીવન જીવતાં હોય તેનું નામ સાધુ.

**જીવ ધર્મ કરે ભાવથી તો
કર્મ છુટે સ્વભાવથી**

હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં સત્સંગસભા કે ધર્મસભામાં પ્રાપ્ત થતાં લક્ષણ-ગુણો અને ફળ પરીણામની વિશેષ વિચારણા કરીએ.

૧. દેહનું નિરોગીપણું કરાવે તેનું નામ **સત્સંગ**.
૨. દરેક રોગોનાં નિવારણ કરે તેનું નામ **સત્સંગ**.
૩. અલ્પ આહાર અને અલ્પ નિદ્રાથી પણ આનંદમય જીવન બનાવી દે તેનું નામ **સત્સંગ**.
૪. અનિદ્રાનો રોગ ટાળી દે તેનું નામ **સત્સંગ**.
૫. કોઈપણ પ્રકારનાં જ્યોતિષક ગ્રહોની અસર ન થવા દે તેનું નામ **સત્સંગ**.
૬. કોઈપણ પ્રકારનાં તંત્ર-મંત્રની અસર ન થવા દે તેનું નામ **સત્સંગ**.
૭. કોઈપણ પ્રકારનાં ખોટા આળમાં સંરક્ષણ કરે તેનું નામ **સત્સંગ**.
૮. કોઈપણ પ્રકારનાં ન્યાય-અન્યાયમાં રક્ષણ કરે તેનું નામ **સત્સંગ**.
૯. કોઈપણ પ્રકારનાં પરપિડનમાં રક્ષણ કરે તેનું નામ **સત્સંગ**.
૧૦. જીવન ભયરહિત કરાવે તેનું નામ **સત્સંગ**.
૧૧. સંતોષીપણું પ્રાપ્ત કરાવે તેનું નામ **સત્સંગ**.
૧૨. બળવાન પુણ્યનું સહજતાથી ઉપાર્જન કરાવે તેનું નામ **સત્સંગ**.
૧૩. સરળતાથી ''ધર્મભીરૂ''ની બદલે ''પાપભીરૂ'' બનાવે તેનું નામ **સત્સંગ**.
૧૪. અહિંસકભાવ પમાડે તેનું નામ **સત્સંગ**.
૧૫. નિર્ભયતાનો ગુણ પ્રગટાવે તેનું નામ **સત્સંગ**.
૧૬. કરૂણા દ્રષ્ટિવાન બનાવે તેનું નામ **સત્સંગ**.
૧૭. ગુણગ્રાહીપણું ધારણ કરાવે તેનું નામ **સત્સંગ**.
૧૮. દુર્ભાવ અને દ્વેષરહિત બનાવે તેનું નામ **સત્સંગ**.
૧૯. લોભ રહિત કરાવે તેનું નામ **સત્સંગ**.
૨૦. આત્મસન્માનપૂર્વક જીવન જીવી શકાય તેવું અર્થનું અનુકૂળ કરાવી દે તેનું નામ **સત્સંગ**.
૨૧. જગતનાં સર્વ જીવો પ્રત્યે આદરભાવ અથવા ઉપકારી ભાવે જોવાનું સમજાવે અને શિખવાડે અને તેવો સ્વભાવ બનાવી દે તેનું નામ **સત્સંગ**.

**જીવને સંસારભાવથી સંસાર ભ્રમણ થયું
તેનાં કરતાં અનેક ગણું જ્ઞાનની
વિરાધનાએ સંસાર ભ્રમણ થયું.**

આવા પ્રકારે બાળજીવોને સત્સંગસભા કે ધર્મસભામાં જવાનું ફળ સરળતાથી પ્રાપ્ત થાય છે. અને વિશેષ ફળોની (પરીણામોની) વિચારણાં યોગે કરીને આગળનાં લેખાંકોમાં કરીશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.